C R E A

## ક્રિયા

૨/૧૪ શાંતિ નિકેતન, ૨જો માળ
નવી દિલ્હી ૧૧૦૦૨૧,
ભારત
ટેલિફોન: ૯૧૧૧૨૪૧૧૭૯૮૩, ૯૧૧૧૨૪૧૧૪૭૩૩
ટેલેક્ષ: ૯૧૧૧૨૪૧૧૩૨૦૯
www.creaworld.org

C R E A

## ક્રિયા

ન્યૂયોર્ક
૩૫૫. લેક્સીંગટન એવન્યુ. ૩જો માળ
ન્યૂયોર્ક. એનવાય ૧૦૦૧૭
યુ.એસ.એ.
ટેલિફોન-૧-૨૧૨-૫૯૯-૧૦૭૧

changing the way we live -- violence free
Narika
1-800-215-7308

## નારીકા

પોસ્ટ ઓફિસ બોક્સ ૧૪૦૧૪
બર્ક્લે,સીએ ૯૪૭૧૨
યુ.એસ.એ.
ટેલિફોન-૧-૮૦૦૨૧૫-૭૩૦૮
www.narika.org

API Legal Outreach
Formerly Nihonmachi Legal Outreach

## એશિયન પેસિફિક આઇલેંડર લિગલ આઉટરીચ

૧૧૮૮, ફ્રેંક્લીન સ્ટ્રીટ, સ્યૂટ ૨૦૨
સાન, ફ્રાન્સીસકો, સીએ, ૯૪૧૦૯
યુ.એસ.એ.
ટેલિફોન-૧-૪૧૫-૫૬૭-૬૨૫૫
www.apilegaloutreach.org

# તમારા હકો જાણો

## અમેરિકામાં પારિવારિક હિંસા

દક્ષિણ એશિયાની
સ્ત્રીયો માટે
એક ઉપાય

# પારિવારિક હિંસા શું છે?

પારિવારિક હિંસામાં એવા કાર્યો અને આચરણોનો સમાવેશ થાય છે જેના કારણે શારીરિક,ભાવનાત્મક, શાબ્દિક,માનસીક,કામાવૃતિક અથવા આર્થિક નુકસાન થાય અથવા વ્યકિતઓ વચ્ચેનાં સબંધોને અથવા પારિવારિક એકમને સહન કરવું પડે. એક દુર્વ્યવહારી વ્યકિત બીજી વ્યકિતને ભયભીત અથવા નિયત્રિતકરવા માટે પારિવારિક હિંસાનો ઉપયોગ કરે છે. પારિવારિક હિંસાનો અર્થ શારીરિક અથવા માનસીક ધમકી હોઇ શકે અને તે વિજાતીય અને સજાતીય સંબધો વચ્ચે થઇ શકે

દુર્વ્યવહારનાં કેટલાક ઉદાહરણો નીચે પ્રમાણે છેઃ

- ધમકીઓ (હદપારી અને બાળ અપહરણ સહિત)
- ધમકી આપવી
- ધક્કો મારવો
- તમાચો મારવો
- શારીરિક માગણી કરવી
- સંભાળ રાખવામાંથી અટકાવવું
- મદદ બંધ કરવી
- જાહેરમાં હલકુંપાડવું
- ફર્નિચર અથવા મિલકતનો નાશ કરવો
- તમને ઇજા કરવા કુટુંબના સભ્યોને પ્રેરવું
- દુર્વ્યવહાર માટે બીજાને દોષ દેવો
- હેરાન કરવું
- જોરથી હડસેલો મારવો
- ગૂંગળાવવું
- અળગું કરવું
- અપમાનિત કરવું
- લાત મારીને કાઢી મૂકવું
- અદેખાઇ દર્શાવવી

દુર્વ્યવહાર કરનાર નીચેની વ્યકિત હોઇ શકેઃ

- પતિ/પત્ની
- મિત્ર–છોકરો/ મિત્ર–છોકરી
- સાસરિયા પક્ષના સભ્યો સહિત કુટુંબનો સભ્ય
- સમાન લિંગી સાથી
- સાથી – કર્મચારી
- કાળજી રાખનાર
- થોડી ઓળખ હોય એવી વ્યકિત
- અપરિચિત વ્યકિત

સારી પત્ની,માતા,દીકરી,પુત્ર–વધુ,બહેન અથવા મિત્ર થવા માટે તમારે શાંત રહીને સહન કરવું નહિ.

# પારિવારિક હિંસા માત્ર અમેરિકામાંના દક્ષિણ એશિયનોને થાય છે?

- આંકડા દર્શાવે છે કે અમેરિકામાં બધીજ કોમોની મહિલાઓ સમાન રીતે દુર્વ્યવહારનો ભોગ બને એવો સંભવ છે.
- લગભગ દર ત્રણ મહિલાઓ પૈકી એક મહિલાને તેના જીવન દરમિયાન પારિવારિક હિંસાનો અનુભવ થાય છે.
- પારિવારિક હિંસાનો ભોગ કોઇ પણ બની શકે છે, પછી તેની આર્થિક કે શૈક્ષણિક પરિસ્થિતિ ગમે તે હોય.
- અમેરિકામાં પારિવારિક હિંસાનો ભોગ બનેલાઓની મદદ કરનારા વીસથી વધુ દક્ષિણ એશિયાઇ સંગઠનો છે

પારિવારિક હિંસાનો ભોગ બનેલાઓ માટે
દક્ષિણ એશિયા વિશિષ્ટ સેવાઓબાબત
વધુ માહિતિ માટે સંપર્ક સાધો
“નારીકા” નો ૧-૮૦૦-૨૧૫-૭૩૦૮ મફત
અથવા એમની વેબસાઇટ
**www.narika.org** જુઓ

# જો મારી સાથે દુર્વ્ય વહાર થયો હોય, તો મારા અને મારા બાળકોના રક્ષણ માટે હું શું કરી શકું?

પોલીસને બોલાવો.
જો તમે હજી પણ ભયમાં હો, અને મારઝૂડ કરનારને થનાર દેશાગમનના પરિણામો વિશે તમને ચિંતા ન હોય, તો પોલિસને (૯૧૧) તરત બોલાવો. એમણે તમારા ફોનનો પ્રતિસાદ આપવોજ જોઇએ અને જો તમારી સાથે દુર્વ્યવહાર થયો છે તેના પુરાવા મળે તો તેઓ તાત્કાલિક જુદા રહેવાના હુકમો કરી શકે, દુર્વ્યવહાર કરનારની ધરપકડ કરી શકે, તમને પારિવારિક હિંસાના ઉપાયો પૂરા પાડી શકે અને દુર્વ્યવહવાર કરનારને તમારાથી અલગ કરી શકે. જો તમને અંગ્રેજી બોલતા આવડતું ન હોય તો દુર્વ્યવહાર કરનારનો સગો ન હોય એવા અનુવાદકની માગણી કરો.

તરત સલામતી શોધો:
આપનાં બાળકો અને તમે પોતે સલામત સ્થળે.જેમ કે મિત્ર અથવા સગાને ઘેર જાવ. સલામત સ્થળ મેળવો. જો એવું તમને લાગતું હોય, કે દુર્વ્યવહાર કરનાર તમને શોધી કાઢશે તો મારઝૂડનો ભોગ બનનાર મહિલાઓના આશ્રયમાં ફોન કરો.

અમેરિકામાં આપના વિસ્તારમાંના
મારઝૂડનો ભોગ બનનાર મહિલાઓના આશ્રયનો નંબર
રાષ્ટ્રીય પારિવારિક હિંસાની
હોટલાઇન ૧-૮૦૦-૭૯૯-**SAFE**-(૭૨૩૩)
પર ફોન કરીને તમે શોધી શકો છો.

કોઇ પણ ઇજાની જાણ કરો:
ડૉક્ટર, હોસ્પિટલ અથવા આરોગ્ય ચિકિત્સાલયમાં જાવ અને ચકાસણી કરાવો. જરૂર જણાય તો ફોટા પાડો. આપના તબીબી અહેવાલો ખાનગી છે અને યુ એસ સીટીઝનઅશીપ એન્ડ ઇમીગ્રેશન સર્વીસેસ(USCIS) જેને પહેલા ઇમીગ્રેશન એન્ડ નેચુરેલાઇઝેશન સર્વીસેસ (INS)તરીકે ઓળખતા હતા તેને જણાવવામાં આવશે નહિ. સૌથી નજીકના પોલિસ સ્ટેશનમાં અહેવાલ મોકલો. તમને મદદ કરી હોય એ અધિકારી અથવા ડૉક્ટરનું નામ લખો અને અહેવાલની સંખ્યા લખો.

કાનૂની માહિતી અને મદદ મેળવો:
કૌટુંબિક કાયદા અને જાહેર લાભોની માહિતી માટે રાષ્ટ્રીય પારિવારિક હિંસાની હોટલાઇન પર સલાહ લો. પારિવારિક હિંસાના ભોગ બનનાર ઇમીગ્રન્ટ માટે જાહેર લાભ માટેની પાત્રતા માટે વિશેષ નિયમો લાગુ કરી શકાય. સલાહકારો,સામાજિક કાર્ય કરો અથવા ઉપચાર કરનારાઓની પણ તમે સલાહ લઇ શકો.

પ્રતિબંધક હુકમ મેળવવા નો તમને અધિકાર છે:
આ એક કાનૂની દસ્તાવેજ છે, એક કોર્ટનો આદેશ જણાવે છે કે દુર્વ્યવહવાર કરનાર તમને અથવા તમારા કુટુંબના સભ્યોને ઇજા પહોંચાડશે નહિ. દુર્વ્યવહાર કરનાર કોર્ટના આ હુકમનો ભંગ કરે, તો પોલીસે તેની અટકાયત કરવી જ પડશે. તમારા અથવા મારઝૂડ કરનારના દેશાગમનનું સ્ટેટસ ગમેતે હોય તેમ છત્તાં તમે નિયંત્રક કરતા આદેશ મેળવી શકશે. કોર્ટે તમારા સ્ટેટસની પૂછતાછ કરવી નહિ અથવા આઇએનએસને તમારી પરિસ્થિતિની માહિતી આપવી.

# કોઇની સાથે દુર્વ્યવહાર થતો હોય તો હું કેવી રીતે કહી શકું?

<u>મિત્રો,કુટુંબ અને આપણી આસપાસના અન્ય લોકો:</u>

- એ સ્ત્રી/પુરુષને એના માથા અને હાથ પર અસામાન્ય અથવા વર્ણવી ન શકાય એવા ઉઝરડા હોય છે. દુર્વ્યહવાર કરનાર ઘણી વાર બીજા સહેલાઇથી જોઇ ન શકે એવી જગ્યાઓએ ભોગ બનનાર પર ઉઝરડા કરે છે.
- એ સ્ત્રી/પુરુષ દુર્વ્યવહાર બાબતમાં તમને ખાનગીમાં વાત કરે છે.
- એ સ્ત્રી/પુરુષ ખાનગીમાં ફોન લઇ શકતા નથી કે કરી શકતા નથી.
- એ સ્ત્રી/પુરુષ લોકોને એમના ઘરની મુલાકાતે લાવી શકતા નથી.
- એ સ્ત્રી/પુરુષ બોલતાં પહેલા એના સાથીના મનની સ્થિતિ(મૂડ)નું અનુમાન કરે.

<u>કર્મચારીઓ અને સાથી કામદારો:</u>

- એ સ્ત્રી/પુરુષ વારંવાર કામ ચૂકી જાય છે
- કામ પર એ સ્ત્રી/પુરુષની કામગીરીમાં બદલાવ આવી શકે.
- એ સ્ત્રી/પુરુષને અસામાન્ય અથવા વર્ણવી ન શકાય એવા ઉઝરડા હોય છે.
- કામકાજના સ્થળે એ સ્ત્રી/પુરુષને ધમકી ભર્યા અથવા એને માનસિક રીતે અસ્વસ્થ કરી નાખે એવા ફોન કરે અથવા મુલાકાતો કરે.
- દુર્વ્યવહવાર બાબતમાં તે સ્ત્રી/પુરુષ તમને ખાનગી વાત જણાવે છે.

# દુર્વ્યવહાર થઇ રહ્યો હોય એવી કોઇ વ્યકિતની મને ખબર હોય તો હું શું કરી શકું?

બોલો.

શાંત હોવાથી દુર્વ્યવહાર કરનારને એવું લાગે છે કે એ દુર્વ્ય વહાર કરે છે એ બરોબર છે. પોલીસને ફોન કરવાથી એવો સંદેશો જાય છે કે આવો દુર્વ્યવહાર સહન કરવામાં આવશે નહિ. દુર્વ્યવહાર સામે ટકી રહેનારને મદદ કરવાથી દુર્વ્યવહાર બાબતમાં વાસ્તવિક વિચાર આવે છે. તમે એ પુરુષ/સ્ત્રીને શું નકકી કરવું એ બાબતમાં કહી શકાય નહિ પરંતુ એને સાંભળીને મદદ કરી શકો અને:

- પ્રાપ્ત વિકલ્પોની ચર્ચા કરવી અને એ પુરુષ/સ્ત્રી સાથે ફરીવાર દુર્વ્યવહાર થાય ત્યારે એ શું કરી શકે એ માટે એને તૈયાર કરવો, જેમ કે જવા જેવાં સલામત સ્થળો શોધવા.
- સામાજિક સાધનો વિશેની માહિતીની આલેખ કરી શકે.
- અગત્યના દસ્તાવેજો સાથેની એક થેલી તૈયાર કરીને એને સલામત સ્થળે મૂકી રાખવાનુ સૂચન કરી શકાય, જેથી એ સ્ત્રી/પુરુષ ઝડપથી જઇ શકે. જન્મ, લગ્ન અને દેશાગમનના પ્રમાણપત્રો,ઓળખના પુરાવા, ચાવીઓ, સરનામાની ડાયરી, બેંકની ચોપડીઓ અને પૈસા એ બાબતો ઘણી મહત્વની થઇ શકે.

# પ્રતિબંધ મૂકનારા હુકમો કયા છે?

પ્રતિબંધક હુકમ એ કાનૂની દસ્તાવેજ છે, કોર્ટનો એક હુકમ છે, જેમાં જણાવવામાં આવે છે કે દુર્વ્યવહાર કરનાર વ્યકિત તમને અથવા તમારા કુટુંબના સભ્યોને નુકસાન કરી શકશે નહીં.દુર્વ્યવહાર કરનાર વ્યકિત કોર્ટના આ હુકમનો ભંગ કરે, તો પોલીસે એ સ્ત્રી/પુરુષની ધરપકડ કરવી.

પ્રતિબંધ હુકમોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- કોર્ટના હુકમો દુર્વ્યવહાર કરનાર વ્યકિતને હુમલો, ધમકી, સંપર્ક અથવા તમારી શાંતિમાં હસ્તક્ષેપ ન કરવાનો કાનૂની હુકમ કરે છે.
- કોર્ટના હુકમો દુર્વ્યવહાર કરનાર વ્યકિતને કહે છે કે તમારાથી, તમારા ઘરથી, કામકાજથી, નિશાળથી અથવા બાળકોથી દૂર રહે.
- જો તમારે બાળકો હોય, તો કોર્ટના હુકમો તમને બાળકનો કબ્જો અને સમર્થન આપે છે.
- કોર્ટના હુકમો દુર્વ્યવહાર કરનાર વ્યકિતએ તમને શારીરિક ઇજા કરી હોય એને પરિણામે થયેલ કોઇ તબીબી ખર્ચ ચૂકવવા અને તમારી મિલકતને એણે કરેલ નુકસાન પણ સરભર કરવા દુર્વ્યવહાર કરનાર વ્યકિતને જણાવે છે.
- કોર્ટના હુકમો  આપના મોભા બાબતમાં દુર્વ્યવહાર કરનાર આઇએનએસનો સંપર્ક સાધે તેના પર પ્રતિબંધ મૂકે છે.

# દુર્વ્યવહારની જાણ કરવાથી હું મુશ્કેલીમાં મુકાઇશ?

અમેરિકામાં કોઇ વ્યકિત સાથે તમે લગ્ન કર્યા હોય અથવા એની સાથે રહેતા હો તો પણ એને ઇજા કરવી અથવા ધમકી આપવી એ નિયમ વિરુધ્ધનું છે.

તમે અન્ય દેશમાંથી આવીને રહેતી વ્યકિત હો, તો માત્ર દુર્વ્ય વહારની જાણ કરવાને કારણે તમને દેશવટો આપવામાં આવશે નહિ કે તમે તમારાં બાળકોને ગુમાવશો નહિ.પરંતુ તમે અન્ય કોઇ દેશમાંથી આવીને રહેતી વ્યકિત હો, તો આપના સંબંધનો અંત આવવાના કારણે આવનાર કોઇ પરિણામોના સંબંધમાં કાનૂની સલાહ લો એ અગત્યનું છે.

દેશાગમન સંબંધી વિકલ્પોની કલમ વાંચો.

# મને દક્ષિણ એશિયામાં જબજરસ્ત મોકલવામાં આવે પાછા તો મારે શું કરવું?

અમેરિકામાં રહેવાના વિકલ્પો તમારી પાસે હોઇ શકે દેશાગત તરીકેના તમારા સ્ટેટસના કારણે દુર્વ્યવહારના સંબંધમાં રહેવા માટે ચિંતાનુ કારણ હોય, તો તમારા વિકલ્પોનું મૂલ્યાંકન કરવામાં તમને મદદ કરે એવા મુખત્યારનો સંપર્ક સાધો.

દેશાગમનની સલાહ માટે (૪૧૫)૫૬૭-૬૨૫૫
એ ફોન નંબર પર એશિયા પેસિફિક આઇલેન્ડર, લીગલ
આઉટરીચનો સંપર્ક સાધો.

<u>મહિલા અધિનિયમ વિરુધ્ધ હિંસા (વીએડબલ્યુએ),૧૯૯૪.</u>
જો તમે નીચે જણાવેલ ધારાધોરણો  માટે અનુરુપ હો, તો તમારી સાથે દુર્વ્યવહાર કરનાર વ્યકિત તમને સ્પોન્સર ન કરે તો પણ કાયદેસરના કાયમી નિવાસ માટે તમે પાત્ર થઇ શકો.

- તમારી સાથે દુર્વ્યવહાર કરનાર વ્યકિતમાં વિશ્ર્વાસ મૂકીને એની સાથે તમે લગ્ન કર્યા હોય.
- તમારી સાથે દુર્વ્યવહાર કરનાર પતિ/પત્ની અમેરિકાનો નાગરિક હોય કાયદેસર રીતે કાયમી નિવાસી(ગ્રીન કાર્ડ ધારક હોય)
- તમને તમારા પતિ/પત્નીએ શારીરિક દુર્વ્યવહાર અથવા માનસિક ક્રૂરતા આચરી હોય.
- તમે તમારા પતિ/પત્ની સાથે રહ્યા હોય.
- તમારુ ચારિત્ર સારું હોય
- તમે તાજેતરમાં જ લગ્ન કર્યા હોય અથવા બે વર્ષ કરતાં ઓછા વર્ષ પહેલાં છૂટાછેડા લીધા હોય

<u>કાયમી વસવાટ અંગેની શરતો દૂર કરવા અરજી</u>

તમે શરતી કાયમી સ્ટેટસ (બે વર્ષ પછીની તારીખે મુદત પૂરી થતી હોય એવું) ધરાવતા હો અને તમે નીચેની યાદીમાં જણાવેલ ધારાધોરણો અનુરુપ હો, તો દુર્વ્યવહાર કરનારા તમારા પતિ/પત્નીના સહકાર વિના આ શરતો દૂર કરવા હકદાર બની શકો.

- તમે તામારા પતિ/પત્નીમાં વિશ્ર્વાસ રાખી એની સાથે લગ્ન કર્યા હોય
- તમને શારીરિક ઇજા થઇ હોય અથવા તમે અત્યંત માનસિક ક્રૂરતાનો ભોગ બન્યા હો.અથવા
- તમારા છૂટા છેટા થયા હોય.

<u>ગુનાનો ભોગ બનનારા</u>
વીએડબલ્યુએની જોગવાઇ પ્રમાણે જો તમે પેરિવારિક હિંસા સહિત ગુનાનો ભોગ બન્યા હો તો તમે U વિસા મેળવવા હકદાર બની શકો અને પછી કાયદેસરના કાયમી નિવાસ મેળવવા તમારા સ્ટેટસનો મેળ કરી શકો છો.પાત્ર થવા માટે તમારે એ સાબિત કરવું જરુરી છે કે કેટલીક ગુનાહિત પ્રવૃત્તિની તપાસમાં તમે મદદરુપ થઇ શકાય.છે, મદદરુપ થઇ રહ્યા છે અથવા મદદરુપ થવાની શકયતા